## વીમો

આ યુવાન આજથી ત્રણેક વર્ષ પહેલાં મને મળેલો. ત્યારે એ બી. એ.ના છેલ્લા વર્ષમાં હતો. ગઈ કાલે એ ફરી મને મળ્યો ત્યારે વીમો ઊતરાવીને પાછો ફરતો હતો. મેં સહજ પૂછ્યું: "ઉંમર તો નાની છે. અત્યારથી વીમો શું કરવા ઊતરાવ્યો ?"

એ કહે: "જિંદગીનો શો ભરોસો? કાચ જેવી આ કાયા, કંઈક થાય તો આ વીમો મારી પત્નીને કામ તો લાગે."

મારાથી પુછાઈ ગયું; "તો સાથે પ્રભુનું નિત્યસ્મરણ, દાન અને સામાયિક પણ કરતા જ હશો ?"

મારો પ્રશ્ન સાંભળી એ જરાક ઊંચા સાદે બોલ્યો : "આ કેવી વાત ? આ ઉંમર તે કંઈ આવું બધું કરવા માટે છે? એ માટે હજુ ઘણાંય વર્ષો આગળ પડ્યાં છે."

આ ઉત્તરથી મને હસવું તો આવ્યું પણ ચૂપ રહ્યો.

•



# દિવ્યદીપ


વર્ષ ૪ થું

હે પ્રભો ! મને સદ્બુદ્ધિ આપ કે જે પરિસ્થિતિને હું ન બદલી શકું એનો સ્વીકાર કરી લઉં. મને એવું સાહસ આપ કે જે બની શકે તેમ હોય તે પરિસ્થિતિને બદલી નાખું. આ શક્ય અને અશક્યની વચ્ચેનો તફાવત પારખવાની વિવેકબુદ્ધિ પણ તું મને આપજે.

અંક ૩ જો



પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની પ્રેરણાથી "અખિલ ભારતીય અહિંસા પ્રચારક સમિતિ"ની રચના ત્રણ વર્ષ પહેલાં દેવનાર કતલખાનાના વિરોધમાં થઈ હતી. દેશભરમાં થતા યાંત્રિક કતલખાનાં અટકાવવાનો ભગિરથ પ્રયત્ન જેના દ્વારા થયો હતો. એના જ પરિણામે વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ વચન આપ્યું કે એ હવે નહિ થાય. એ જ સમિતિ તરફથી તાજેતરમાં બિહારના દુષ્કાળ પીડિત પશુઓને મફત ચારો ખવરાવવાનું કેન્દ્ર રાજગૃહ ખાતે ખોલ્યું જેની વ્યવસ્થા શ્રી માનકર કરી રહ્યા છે.



પુજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી રાજગૃહ ખાતે ચાલતા મફત પોષણ પશુ કેન્દ્રમાં રોજનાં ૯૭૦ પશુઓ ચારા અને ઘાસથી તૃપ્તિ મેળવતાં દેખાય છે.

ખાદી ગ્રામોદ્યોગ ભવનના કાર્યકરો શ્રી કાકુભાઈ અને શ્રી મણીબહેન નાણાવટીના નિમંત્રણથી પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજનો તા. ૧૫–૫–૬૭ના દિવસે ખાદી ગ્રામોદ્યોગ ભવનમાં સ્વાધ્યાય ગોઠવ્યો હતો. તે પ્રસંગે તેમાં જીવનનું ધ્યેય પૂર્ણતા અને તેને પામવા જીવનની સમગ્ર પ્રવૃત્તિઓને એ દિશામાં ગતિવંત કેમ બનાવવી તે અંગે આપેલ મનનીય ચિંતનની ટૂંકી નોંધ.

# જીવનને પૂર્ણ કેમ બનાવવું ?

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णम् उदच्यते
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।

ગાંધીજીની પ્રાર્થનામાં આ સુભાષિતનો સમાવેશ હતો અને એ સુભાષિત પ્રત્યેક પ્રભાતની પ્રાર્થનાના વાતાવરણને અર્પણના મંગળમય ભાવથી ભરી દેતું. એમાં સમર્પણની ઉલ્લાસમય અભિલાષા છે.

પ્રવૃત્તિનું કેન્દ્ર નિવૃત્તિ છે. પણ નિવૃત્તિ મેળવવા પ્રવૃત્તિ આવશ્યક છે.

મનુષ્ય જીવન એ એક પ્રયાણ છે, યાત્રા છે, ક્યાંક જવાનું છે, આગળ દિશા છે પણ ધ્યેય નિશ્ચિત અને અચલ છે.

આપણે ક્યાં પહોંચવાનું છે ? પૂર્ણતાએ પહોંચવાનું છે. પહોંચનાર પૂર્ણ છે પણ કામ-લોભની અપૂર્ણતામાં એ પૂર્ણને ભૂલી ગયો છે. પૂર્ણને લક્ષ્યમાં રાખી પ્રયાણ કરે તો જ પૂર્ણમાં મળી પૂર્ણ બનવાનો છે.

મનુષ્ય પૂર્ણનો પ્યાસી છે. તમે જોશો કે સંસારમાં બધા પ્રાણીઓની ગરદન અને દૃષ્ટિ નીચે છે. પણ મનુષ્યની દૃષ્ટિ આકાશ પ્રતિ છે. એનું મસ્તક ઉન્નત છે. મનુષ્યને કહેવું પડે છે કે નીચે જોઈને ચાલ. કારણકે એ ઉંચે જોઈને ચાલે છે. એને ઉપર જવું છે. પ્રાણીઓમાં શ્રેષ્ઠતા મનુષ્યની છે કારણકે મનુષ્યની દૃષ્ટિ પૂર્ણ પ્રત્યે છે. જે મનુષ્ય પાસે પૂર્ણની આ દૃષ્ટિ નથી, પૂર્ણતાની અભીપ્સા નથી એ મનુષ્ય પશુઓથી ભિન્ન નથી.

એક કવિએ કહ્યું છે કે આહાર, નિદ્રા, ભય, અને મૈથુનમાં જે કામ મનુષ્ય કરે છે એ કામ તો પશુ પણ કરી શકે તેમ છે.

મનુષ્ય માટે ગૌરવપ્રદ અને શ્રેષ્ઠ વાત તો એના દિલમાં જલતો ધર્મનો દીપક છે જે ગાઢ અંધકારમાં પ્રકાશ આપે છે.

કેટલાક કહે છે કે અમારો ધર્મ સારો છે, હું કહું છું "ધર્મ એ દીપક છે. અને જે દીપક પ્રકાશ પાથરે છે અને પથદર્શક બને છે તે સારો છે. એ અમારો કે તમારો નથી, આચરે તેનો છે. દીપક પ્રકાશ માટે છે, ઝઘડવા માટે નહિ." ઘણા તો દીપકના પ્રકાશનો ઉપયોગ કરવાને બદલે એના નામ પર ઝઘડવામાં જ એને પૂરો કરી નાખે છે.

મનુષ્ય પાસે આ દીપક છે. આ દીપક મનુષ્યને ખોટા રસ્તે જતાં રોકે છે. અને માનવ જ્યારે સારા રસ્તા ઉપર જાય છે ત્યારે એના મુખ ઉપર પ્રસન્નતાનો એ પ્રકાશ ચમકાવે છે, હૃદયમાં આનંદ અને અભયની ઉજ્જવળતા પાથરે છે અને પ્રવૃત્તિમાં આહ્‌લાદને આણે છે. પણ જેવો મનુષ્ય ખરાબ રસ્તા ઉપર ચઢે કે તરત હૃદયમાં ભય ઊભો કરે છે, મુખ ઉપર ચિંતાનું આવરણ લાવે છે અને આનંદને ઉડાડી દે છે. પછી એ મનુષ્ય મુક્ત હાસ્ય પણ કરી શકતો નથી.

આપણે સ્વાર્થનું જ કામ કર્યે જઇએ તો થાક લાગે પણ સેવાનું કામ કરીએ તો આનંદ અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. તમારો પોતાનો અનુભવ તમને નથી કહેતો કે ઘણીવાર સ્વાર્થનું કામ કરતાં કરતાં માણસ જીવનથી પણ કંટાળી જાય છે. જ્યારે પરમાર્થનું કામ માણસને એક પ્રકારનો સંતોષભર્યો આનંદ આપે છે.

ધનપતિઓ થાકી જાય છે. એમની પાસે સોનું, ચાંદી, હીરા ખૂબ હોય છતાં પણ થાકી જાય છે

કારણકે એમની પ્રવૃત્તિના મૂળમાં માત્ર સ્વાર્થ જ છે. આનંદ તો પરમાર્થથી જ મળે. પરમાર્થમાં એક પ્રકારનું recreation છે. પ્રાર્થના એ પરમાર્થ છે. એ કરીએ છીએ ત્યારે દેહભાવ ભૂલીને દિવ્યતા પ્રતિ પ્રયાણ કરીએ છીએ. પૂર્ણતા પ્રાપ્ત કરવી એ જ જીવનનું પરમ ધ્યેય છે.

એક નાના-શા બીજમાં કેવું મોટું વૃક્ષ સંતાયેલું છે! કેરી ખાતાં ખાતાં આ વિચાર કર્યો છે? આ કેરીની ગોટલીના હૃદયમાં પોઢેલું વૃક્ષ હજારો કેરીઓ આપી શકે એમ છે!

એ રીતે આ દેહમાં વસતા આત્મામાં અસંખ્યાત શકિતઓથી પરિપૂર્ણ પરમાત્મા છે.

આપણો સ્વાર્થ, આપણાં કષાયો, આપણા વિકારો આ દિવ્યતાને આવૃત કરે છે. પ્રાર્થના આ દિવ્યતાને પ્રગટ reveal કરે છે. પ્રાર્થનાની પાછળ આ જ ભાવના છે.

ગીતામાં કહ્યું છે કે उद्धरेत् आत्मनात्मानं

આત્માએ જ પોતાનો ઉદ્ધાર કરવાનો છે. તું તારો નાશ ન કર. તું જ તારો મિત્ર છે અને તું જ તારો શત્રુ છે.

મિત્ર! તારો ઉદ્ધાર કરવા ભગવાન નહિ આવે. લોકો પ્રતીક્ષા કરતા બેઠા છે એ ભ્રમ છે. ભગવાન આવવાના હોત તો સેંકડો વર્ષ પહેલાં આવ્યા હોત!

He is not a Creator but Indicator ભગવાન બનાવવા નહિ પણ બતલાવવા આવ્યા છે.

શું ભગવાન અહીં આવી શકતા હોત તો આ બધાં યુદ્ધો કરવા દેત ખરા? કૂતરાની જેમ સતત લડતા માણસોને એ અટકાવત નહિ? શું આપણાં દુ:ખોને દૂર બેઠા બેઠા જોયા કરે એવા નિષ્ઠુર છે? પરમાત્માને આપણે સમજી શકતા નથી. આપણે આપણી કલ્પના પ્રમાણે જ આકાર આપીએ છીએ. ભૂલો આપણે કરીએ અને એનો દોષ ભગવાન ઉપર નાખીએ!

આજથી નવ વર્ષ પહેલાં સાબરમતી જેલમાં કેદીઓ આગળ પ્રવચન કરવાનો પ્રસંગ આવ્યો હતો.

મેં કહ્યું હતું કે તમને જેલમાં નાંખનાર પોલિસ સુપરિન્ટેન્ડન્ટ કે સરકાર નથી. તમને જેલમાં લાવનાર તમારા વિચાર અને તમારો આચાર છે.

તમે રસ્તામાં જતા હો અને એક સરસ વસ્તુ જુઓ; મનમાં પ્રલોભન થાય. થાય કે આ વસ્તુ લઈ લઉં? પણ જો આપણો આત્મા મિત્ર હોય તો કહેશે "આ temptation પ્રલોભન છે, આ મારું નથી. મારાથી ન લેવાય." આમ વિવેકવંત આત્મા પોતે જ પોતાને controlમાં રાખે. પણ વિવેકવાન ન હોય અને પ્રલોભનથી પ્રેરાઈ જાય તો પોલીસથી પકડાય. તો એમાં પોલીસ ગુનેગાર નથી. તમે જ તમારા શત્રુ બની તમારી જાતને પોલીસના હાથમાં સોંપવા જેવી નિર્બળ, દોષિત બનાવી છે. તમે તમને ન પકડી શકો તો તમને પોલીસ પકડે. જો તમે તમારા વિચારને પકડો તો તમને પોલીસ કેમ પકડી શકે? જાતને પોલીસ ડરાવી શકે, પકડી શકે એટલે જેલમાં મોકલનાર આપણી વૃત્તિઓ જ છે.

આપણી વૃત્તિ આપણી દુશ્મન બને તો આખું વિશ્વ દુશ્મન બને. અને આપણી વૃત્તિ આપણો મિત્ર બને પછી સંસારમાં કોઈ નુકસાન કરનાર નથી. સત્યના પંથ ઉપર ચાલનાર સદા સ્વતંત્ર છે.

દુ:ખ દેનારા પારકા નથી, આપણે જ છીએ. આજે દેશમાં પણ પારકા લોકો કરતાં આપણા લોકો વધારે નુકસાન કરી રહ્યા છે ને?

આજની પરિસ્થિતિ વિકટ છે. દેશમાં અસ્થિરતા છે. સરકાર જ નહિ પણ માનવ અસ્થિર છે. મનુષ્યની વિકલતાનું કારણ મનની અસ્થિરતા છે. વિકલતામાં અને અસ્થિરતામાં જ

જીવન વિતાવે કેમ ચાલે? પૂર્ણતાને પ્રાપ્ત કરવાનું ધ્યેય છે. જીવન વિકલતામાં પૂરું થાય તો કામ અધૂરું રહી જશે. આ પૂર્ણતાનું કામ મનુષ્ય નહિ કરે તો કોણ કરશે?

અહિંસક વસ્તુઓનો વ્યાપાર એ અત્તરનો વ્યાપાર છે. અત્તર વેચો કે ન વેચો તો પણ સુગંધ મળે. તેમ સત્ય, સદાચાર અને નીતિનો વ્યાપાર કરે તેને આર્થિક લાભ સાથે પારમાર્થિક લાભ મળે છે. અને તમે ધારો તો આ પારમાર્થિક લાભ તમે પ્રવૃત્તિ કરતાં કરતાં અહીં મેળવી શકો છો.

બધાં લોકો પવિત્રતાની ભાવનાથી પ્રવેશ કરે તો આ સ્થાન અને પ્રવૃત્તિ બન્ને પવિત્ર બની જાય.

પ્રવૃત્તિ કરતાં કરતાં અહંકારનું વિસર્જન કરવાનું છે એ સતત લક્ષ્યમાં રહેવું જોઈએ. નહિ તો પતન થાય.

મને એક રૂપક યાદ આવે છે; એક શિલ્પી હતો. એને ગર્વ હતો કે મારા જેવાં પૂતળાં કોઈ જ ન કરી શકે. પૂતળું એવું સરસ બનાવે કે જોનાર ભૂલી જાય કે આમાં માણસ કોણ અને પૂતળું કોણ? એક વાર શિલ્પીનું મૃત્યુ નજીક આવ્યું. શિલ્પીને થયું કે મૃત્યુને મારી કલા કેમ બતલાવવી? એણે બાર પૂતળાં બનાવ્યાં. બારે પોતાનાં જેવાં. આકૃતિ, રંગ, આંખની પાંપણ અને નાક – બધું જ નખશીખ એના જેવું જ. પછી એ બાર પૂતળાંની વચ્ચે પોતે સૂઈ ગયો. ત્યાં મૃત્યુનો દૂત આવ્યો. એને થયું કે આ તેર વ્યકિતઓમાંથી કોને ઉઠાડું? જેને સ્પર્શ કરીશ તે મરી જશે, ખોટાને પકડીશ તો યમરાજા ગુસ્સે થશે. દૂત પાછો ગયો. યમરાજાને કહ્યું કે કયા શિલ્પીને લાવું? ત્યાં એક નહિ પણ એક સરખા તેર શિલ્પી છે. પછી મૃત્યુદેવ આવ્યા. જોયું તો વાત સાચી હતી, ઓળખી જ ન શકાય. શિલ્પીએ પ્રાણાયામથી શરીરને પૂતળાં જેવું સ્થિર બનાવ્યું હતું. એટલે કંઈ ખબર જ ન પડે.

મૃત્યુદેવ મનુષ્યની weakness નિર્બળતા જાણતા હતા. મનુષ્યની નિર્બળતા એ જ તો મૃત્યુ છે. પૂતળાથી માણસને જુદો પાડવા મૂંઝાયેલા મૃત્યુદેવે માણસની આ નિર્બળતાનું શરણ લીધું. એણે કહ્યું : "સરસ! ખૂબ સરસ કર્યું છે! માનવજાતના ઈતિહાસમાં આવો શિલ્પી આજ સુધી કોઈ પાકયો નથી. શું અદ્દભુત કામ છે. પણ નાની શી ભૂલ રહી ગઈ છે!" આ સાંભળતાં તો તરત શિલ્પી ઊભો જ થઇ ગયો. "મારા શિલ્પમાં ભૂલ? કયાં ભૂલ છે?" મૃત્યુદેવે એને સ્પર્શતાં કહ્યું: આ જ ભૂલ છે. આ તારો અહંકાર એ જ તારી નિર્બળતા – ભૂલ. અને એ જ તારું મૃત્યુ! અહંકાર ન કર્યો હોત તો મૃત્યુ પણ તને સ્પર્શી ન શકત. મારામાં ભૂલ કોણ કાઢી શકે? આ અહં માણસને પાડી દે છે.

આ સંસ્થા છે. સંસ્થા એટલે અનેક વ્યકિતઓનું શુભ હેતુ માટેનું એક સ્થાને મિલન. એમાં કદીક મનદુઃખ પણ થાય. કાર્યકર ખોટો નથી, કાર્યકરની ભાવના ખોટી નથી પણ કાર્ય કરતાં આ અહં આવી જાય. 'હું' એ બહુ વાંકો છે. એનો આકાર જ વક્ર છે.

સેવા અને ચિંતનના અમૃતમાં આ અહંનું વિષબિન્દુ ન પડી જાય તે માટે સતત જાગૃત રહેવાનું છે.

આજથી ત્રીસ વર્ષ પહેલાં મારે અહીંથી નીકળવાનું થયું હતું ત્યારે આ જગ્યા અંગ્રેજી માલથી ભરેલી હતી. આજે એ જ જગ્યા દેશી માલથી અને ભારતીય ભાવથી ભરેલી છે.

આ જોતાં આપણને સહજ વિચાર આવે છે કે સેવાની ભાવના સ્થળનું કેવું રૂપાન્તર કરી નાખે છે?

જેમ આ સ્થળનું થયું તેમ આ દેહમાં વસતા આત્માનું પૂર્ણ રૂપાન્તર પૂર્ણ પરમાત્મામાં થઈ જાય એવી શુભેચ્છા.

# પરિસંવાદ

(ગતાંકથી ચાલુ)

જેને આત્માના અમૃત તત્વનો અનુભવ નથી થયો તે મરું મરુંનો જ વિચાર કરે છે. અનુભવ થયા પછી થાય કે મરે છે કોણ? જેનો સ્વભાવ મરવાનો છે એ મરે છે. મરવાનો સ્વભાવ શરીરનો છે તો ભલે એ મરે! હું કેમ મરું? જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી આ મરણ ચાલ્યા કરવાનાં. કર્મની આસક્તિથી ભવ ચાલુ રહે છે. એવો કોઈ જ આનંદ કે તહેવારનો દિવસ નથી કે સ્મશાન બળતું ન હોય. બધાની રજા હોય પણ સ્મશાન તો ચાલુ જ હોય છે. એ બતાવી આપે છે કે દેહને માટે મૃત્યુ અનિવાર્ય છે. આત્મા માટે તો આ મરણ એ માત્ર દેહનો પલટો છે. પછી ગભગમણ શી? અફસોસ શો? દોરી સળગવા માંડે ત્યારે દોરીનો બીજો છેડો આગથી જુદો નથી. આગ બીજે છેડે આવવાની જ છે. જે દિવસે જન્મ્યા તે દિવસે મરણ લાગુ પડ્યું જ છે. મરણ જન્મથી જૂદું નથી. આ સમજણ પછી ગમે તે ઘડીએ મૃત્યુ આવે; વાંધો નથી. કારણકે સ્લેટ ચોખ્ખી છે.

પરિસંવાદથી આ અસીમ શ્રદ્ધા ઉત્પન્ન થાય કે હું આત્મા છું અને આત્મા વાસનાથી ઘેરાયેલો છે. એટલે સંસારમાં સુખ અને દુઃખ છે. જો વાસનાથી ઘેરાયેલો ન હોય તો દુઃખ છે જ નહિ. બીજો દુઃખ દઈ શકે છે કારણકે આપણી વાસનાએ આપણને નબળા બનાવ્યા છે એટલે એનો એ લાભ લે છે.

શરીરમાં પ્રાણપોષક તત્ત્વો ઓછાં થાય ત્યારે જ રોગની અસર થાય. પણ cells સબળ હોય તો ચેપ ન લાગે. ટી. બી.ની હોસ્પિટલમાં બાળકોને જલદી નથી લઈ જવાતાં કારણકે ટી. બી.ના germs નો સામનો કરવા એમનાં શરીર તૈયાર નથી. તેવી જ રીતે ઘરડાંઓને રોગનો ઝપાટો જલદી લાગે કારણકે શરીરના cells નબળાં થયાં હોય છે.

બીજા તને દુઃખ દેવામાં નિમિત્ત બને છે કારણકે તારું પુણ્ય ઓછું છે. પુણ્યના cells બળવાન હોત તો એની શું તાકાત છે કે તને તે કાંઈ કરી શકે!

આપણું પુણ્ય ન હોય ત્યારે તો એક સામાન્ય માણસ પણ આપણને હેરાન કરી શકે છે. માણસ શું, ઢેકું પણ નિમિત્ત બને. ઢેકું વાગે, haemorrhage થાય અને મરી જાય. આ એક નિમિત્ત છે પણ મૂળ તો જીવવાનું પુણ્ય પૂરું થયું, આયુષ્ય પૂરું થયું.

ઘરમાં દીવો બળતો હોય, તેલ ખૂટ્યું હોય ત્યાં બારણું ખૂલે, હવા આવે અને દીવો ઓલવાઈ જાય. કોઈ કહે: બારણું ખોલ્યું એટલે ઓલવાયો; એમ નથી. દિવેલ ખૂટ્યું જ હતું એટલે એ તો બળીબળીને પણ ખલાસ થઈ જ જવાનો હતો.

આપણે અંદરથી સબળ બનવાનું છે. અંદરથી સબળ કેમ બનવું? જ્ઞાન અને ચારિત્ર્ય એ અંદરની તાકાત છે. કર્મ ખપે છે જ્ઞાનની આરાધનાથી કે શુદ્ધ ચારિત્ર્યથી.

નબળાં બનેલાં તત્ત્વોને સબળ કરવા passport લેતા પહેલાં injection આપે છે જેથી રોગ આવે ત્યારે સામનો કરી શકે.

દુઃખ આવે તે પહેલાં દુઃખને જાણી લો. પછી દુઃખ આવે તો અજાણ્યું નહિ લાગે. દુઃખ તો એવું જ છે. જ્યાં ઘર છે ત્યાં દુઃખ છે; મેદાનમાં દુઃખ નથી. માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે મહેલ નથી જોઈતો, મેદાનમાં જવું છે. મહેલમાં જેલ છે. મસ્તી મેદાનમાં છે. સરસમાં સરસ મહેલ હોય પણ તેને ખૂણો તો હશે જ. જ્યાં ખૂણો હોય ત્યાં દુઃખ જરૂર હોય. મેદાનમાં ખૂણો નથી તો દુઃખ પણ નથી.

શાંતિ, સમતા અને જ્ઞાનદશાથી વિચાર કરીએ ત્યારે થાય છે કે જે લોકો સર્વ મમતાનો ત્યાગ

કરી જંગલમાં બેઠા એ જેટલા સુખી હતા એના કરોડમા અંશે પણ અહીંનો કરોડપતિ સુખી નથી. જે બધું છોડી કરીને બેઠા એને ચિંતા નથી.

દુઃખ ક્યાં છે? મમતામાં. મમતા નથી ત્યાં દુઃખ પણ નથી. સમતામાં સુખ અને મમતામાં દુઃખ. જે વ્યક્તિ પ્રત્યે મમતા થઈ ત્યાં દુઃખ ઊભું થયું. એની વિચારણા થાય, એનામાં મન રમ્યા કરે, પછી આધ્યાત્મિક પ્રગતિ ક્યાંથી થાય?

જેમ પતંગ દોરાથી બંધાયેલો છે એમ આ જીવ મમતાથી બંધાયેલો છે. ગમે ત્યાં જાય પણ મમતાનો દોરો એને પાછો નીચે લઈ આવે.

દુઃખ મમતાના ખૂણામાં છે.

ચક્રવર્તીઓએ જ્યારે રાજ્ય છોડી ચારિત્ર્ય લીધું હશે ત્યારે ચારિત્ર્યમાં કેવી મીઠાશ દેખાણી હશે!

છોડવામાં મર્દાનગી છે. ભેગું કરવાનું કામ તો ભિખારીઓ પણ કરે છે. પોતાના શ્રમથી મેળવેલું છોડવામાં ચક્રવર્તીનું દિલ જોઈએ.

જે છોડી શકે છે એની મહત્તા મોટી છે. ચક્રવર્તીઓને લાગ્યું કે દુઃખ મમતામાં છે. જેટલી મમતા એટલાં દુઃખ. કોઈ દુઃખી હોય કે સુખી –તેના પ્રત્યે બને એટલી શુભ ભાવના રાખવી, મમતા નહિ. શુભ ભાવનામાં સર્વનું ભલું થાઓ એવી ભાવના હોય. મમતામાં ચિંતા ઊભી થાય છે, દુઃખ બીજાનું અને ઉપાધિ તમારી. ઉપાધિ કેમ આવી? મમત્વ પડેલું છે એટલે.

ચક્રવર્તી છોડે ત્યારે ભોગોને તણખલું જાણી છોડે. જે દુઃખ આપે, મગજમાં ઉપાધિ ઊભી કરે એ નકામું છે એમ જાણી છોડી દે છે.

જે વસ્તુ છોડવા બેઠા તેની કિંમત મગજમાં હોય તો ન છોડાય. જે છોડો તેની કિંમત ઓછી લાગે અને જેને માટે છોડો તેની કિંમત વધારે લાગે તો છોડી શકો. નહિતર જીવ છૂટે નહિ, છૂટી જાય તો પાછળથી બળતરા થાય. છ ખંડનું રાજ્ય તણખલા જેવું ગણી છોડયું અને સમતાનું સિંહાસન મેળવ્યું. ચારિત્ર્યની મજા એ છે કે તમારામાં અંદરથી ખુમારી આવે, મસ્તી આવી જાય. ત્યાગ સહજ લાગે. પછી વસ્તુ સામે આવે પણ મૂર્ચ્છા ન જાગે. નિસ્પૃહીનાં જેટલાં કામ થાય એટલાં સ્પૃહાવાળાનાં ન થાય.

છોડો ત્યારે કહો કે તુચ્છને છોડયું અને પરમને મેળવ્યું. અક્ષયસુખનું કારણ, પરમસુખનું કારણ ત્યાગધર્મ છે, ચારિત્ર્યધર્મ છે.

ચારિત્ર્ય અને જ્ઞાનથી આત્મામાં એવી શક્તિ ઉત્પન્ન થાય કે પાપ એને અડી પણ ન શકે. વિશ્વની કોઈ તાકાત એનાથી બળવાન નથી!

હું આત્મા છું. હું જેમાં વસું છું એ દેહને દુઃખ આવે છે તેમાં કારણ દુઃખ આપનારાં નથી પણ કર્મ છે. તો એ કર્મને ખલાસ કરવાં છે. જેમ કાંટો વાગે તો ન નીકળે ત્યાં સુધી વેદના થાય તેમ કર્મ લાગ્યાં હોય ત્યાં સુધી એક અથવા બીજી રીતે દુઃખ આવ્યા કરે છે.

હું આત્મા છું એવી પ્રતીતિ થયા પછી પૂર્ણતા માટે બધી જ ક્રિયાઓ કરતાં આનંદ થાય છે.

એક બાઈ boardingના દોઢસો છોકરાઓ માટે રસોઈ બનાવે અને ઘેર જઈને પોતાના દીકરા માટે બનાવે. પેલા boardingના છોકરા સારા છે, દેખાવડા છે, ભણેલા છે પણ એમાં મારાપણાની રુચિ નથી. એટલે એમને જમાડતાં મનમાં રુચિ નહિ જાગે અને ગમે તેમ કરીને કામ પૂરું કરશે. પણ પેલા સામાન્ય પોતાના પુત્રને જોઈને રુચિ થાય છે, ઉલ્લાસ જાગે છે કારણકે 'એ મારો પુત્ર' છે એ જાતની સમજણ છે. ત્યાં દેખાવ કે ભણતર નહિ પણ સંબંધને સ્થાન છે. એ શ્રમિત હોય તો પણ દીકરા માટે કામ કરતાં વેઠ ન લાગે.

આત્મા સમજાય પછી ધર્મક્રિયા કરવામાં જે રુચિ જાગે તે સમ્યગ્ દર્શનનું પરિણામ છે. સમ્યગ્ દૃષ્ટિ આત્મા ક્રિયા નિશ્ચય અને વ્યવહાર

દૃષ્ટિથી કરે. બધી ક્રિયા કરે પણ ધાવમાતાની જેમ કરે. દેહને નવડાવે, ખવડાવે ત્યારે કહે 'આત્મા, તું આ દેહમાં છે એટલે આને નવડાવવો પડે છે, ખવડાવવો પડે છે. તું ન હોય તો બાળવાનું જ રહે.'

અજ્ઞાનીને દેહને માટે મૂર્ચ્છા છે. મૂર્ચ્છા ત્યાં ભય. ભય અસંભવિત વસ્તુને સંભવિત બનાવે છે.

આત્મભાવ અને દેહભાવમાં શું ફરક છે? દેહભાવમાં અંદરથી બીકણુ છે. હું મરી જઈશ, મારું લૂંટાઈ જશે, મારું શું થશે? આમ કલ્પનાથી અસંભવિતને સંભવિત કરી દે. જે કાલે બનવાનું નથી તે બનવાનું છે એમ માની આજે જ ઉપાધિ ઊભી કરે. જે વસ્તુ આવવાની નથી તેને ભયથી બોલાવી લે.

જે માણસ બીકણ હોય, અંધારાથી બીતો હોય તે અંધારામાં બેઠો હોય તો વિચાર કરે કે અંદર કોઈ છે તો નહિ ને! અંદર કંઇ નથી પણ 'કદાચ હોય' એવો વિચાર કરી સંભવિત કરે છે. એમાં જરાક પતરું હાલે કે લાકડી પર પ્રકાશ પડે એટલે એને એ કંઈક સમજી ભયભીત બને. મોટાભાગના લોકો દેહભાવને લીધે ભયના વિચાર દ્વારા અસંભવિતને સંભવિત કરે છે.

આત્મદશા આવી પછી કોઈ જાતનો ભય નહીં. સંભવિતને અસંભવિત કરે. કહે કે મારા આત્માને શું નુકસાન થવાનું છે? થાય તો દેહને થવાનું છે. પછી કોઇથી ન ડરે. આત્માની શક્તિ અભય છે.

ભય હોય તે સ્મશાનમાં ધ્યાન લગાવી કેમ બેસે? ભય હોય તેને તો રાતે ઘરમાં જતાં પણ બીક લાગે. દેહભાવ બીકણ છે.

એક રાજાએ એકવાર સંન્યાસી બનવાનું જાહેર કર્યું. એ ગુરુની શોધમાં હતા. ઘણાય સંન્યાસીઓએ વિચાર કર્યો કે આપણે એના ગુરુ બનીએ. આ આશામાં ખૂબ સંન્યાસીઓ આવ્યા અને કહેવા લાગ્યા: "અમે મોટા આશ્રમવાળા છીએ. તમને બધી જાતની સગવડ અમે આપી શકીશું." રાજાને હસવું તો આવ્યું પણ મૌન રહ્યા. એણે કહ્યું કે હું એને ગુરુ બનાવું જેના આશ્રમનું આંગણું લાંબામાં લાંબુ હોય. પછી રાજા જોવા નીકળ્યો. દરેકનું આંગણ પહેલાના સંન્યાસીના આંગણ કરતાં મોટું હતું. એક સંન્યાસી જે ચૂપ હતા એની પાસે ગયા તો ત્યાં આંગણું જ નહિ.

પૂછયું તો કહે: જોતા નથી! આ ક્ષિતિજ એ જ તો મારા આશ્રમનું આંગણું છે. "ધરતી કો છેડા આભકી પિછોડી." આભને ઓઢું છું અને ધરતીને બિછાવું છું. ક્ષિતિજ પ્રતિ જ્યાં સુધી ચાલી શકાય એ બધું આશ્રમનું આંગણું જ ગણું છું.

કોઈ પણ વસ્તુને મર્યાદિત કરીએ એટલે એમાં પૂરાઈ જઈએ. મુક્તિનો અનુભવ અનંતમાં જ થાય.

માણસ વિચાર કરતો થાય કે આ દેખાય છે એની પાછળ જે નથી દેખાતું એ મહત્વનું છે. અદેખતાને દેખતા થવા માટે દિવ્ય અંજન જોઇએ, દિવ્ય દૃષ્ટિ જોઇએ.

દેખતાને સહુ દેખે પણ ન દેખતાને દેખે એનું નામ સમ્યગ્ દૃષ્ટિ છે. બધું કરે પણ આત્માને ભૂલે નહિ.

હવે બીજો વિચાર. પરિસંવાદનું બીજુ સોપાન—કે જો હું અમર રહેવાનો છું, મરતો નથી તો અહીંથી ક્યાં જવાનો? અને જ્યાં જઈશ ત્યાં સાથે શું આવવાનું?

અહીં જે હું કરણી કરવાનો તે સાથે આવવાની. અહીં બધું ગોઠવાયેલું છે. કાંઈ કરવું પડતું નથી. જ્યાં આ જીવ જન્મે છે ત્યાં બધાં સગાં થઈને આવે છે.

જીવ આવે છે ત્યારે જીવ એકલો આવે છે. કોઇકને મોટું કુટુંબ હોય છે, કોઇકને કોઇ જ નહિ. તો આ એકપણું અને આ અનેકપણું એ કોની ગોઠવણી ?

પૂર્વજન્મમાં જે પુણ્ય અને પાપ કર્યું તે પ્રમાણે આ જન્મમાં ગોઠવણી થાય છે. આ એવી સૂક્ષ્મ ગૂંથણી છે કે એમાં બુદ્ધિ પણ કામ નથી કરતી.

આત્મા એક ભવથી બીજા ભવમાં જાય છે ત્યારે જતી વખતે સાથે કોણ આવે છે?

આત્મા સાથે કર્મ નામની સત્તા આવે છે. કર્મ એક છે પણ કર્મની બે વસ્તુ બને છે: પુણ્ય અને પાપ.

જીવ એક ગતિમાંથી નીકળી બીજી ગતિમાં જાય છે ત્યારે પુણ્ય અને પાપ એના પરલોકનાં ભોમિયાં બને છે, સાથી બને છે.

મિત્ર પણ સાથે નથી આવવાનો અને દુશ્મન પણ સાથે નથી આવવાનો. બન્ને અહીં રહી જવાના છે. પણ એ નિમિત્તે કરેલાં પુણ્ય-પાપ સાથે હશે.

સંસારની આ હળવી બાજુ તો જુઓ. જે બાપ મહેનત કરી, પૈસા ભેગા કરી દીકરા માટે મૂકીને જાય એ દીકરાની બાપને પ્રેમ કરવાની રીત કેવી? બાપને અગ્નિસંસ્કાર દીકરો જ કરે. બાળવાનો હક દીકરાને હકથી મળે.

સંસારનો પ્રેમ આગ લગાડવાનો જ ને! જેટલાં સગાં આગ લગાડે એટલાં દૂરનાં નથી લગાડતાં. શોક અને સંતાપ નજીકનાથી ઊભો થાય છે. લોકો જેને સ્નેહ કહે છે એમાંથી જ આ બધાં દુઃખોનો દાવાનળ ઊભો થાય છે.

આ જગતમાં જે કાંઈ બને છે તે પુણ્ય અને પાપના કારણે બને છે. તેને લીધે સુખ અને દુઃખનો યોગ થાય છે. કલ્પ્યું પણ ન હોય તેની પ્રાપ્તિ થાય છે. અને પ્રાપ્ત થયેલું હોય તેનો વિયોગ થાય છે.

પુણ્યને લીધે અનુકૂળ મળે ત્યારે નમ્ર બનો. અને પાપને લીધે પ્રતિકૂળ મળે ત્યારે સમભાવ રાખો. પ્રતિકૂળ આવે ત્યારે અનુકૂળ બની જાઓ.

પ્રતિકૂળને અનુકૂળ થાઓ તો પ્રતિકૂળને પ્રતિકૂળ બન્યા વિના જ ચાલ્યા જવું પડે.

લોકોને સુખ ભોગવવું ગમે છે પણ દુઃખ ભોગવવું નથી ગમતું. સુખ અને દુઃખ એ બે પોતાની કરણીથી જ પ્રાપ્ત થાય છે, બન્ને ભોગવી લઇએ તો જ મુક્તિ થાય.

કવિવર લખે છે: પગમાં દોરીની ગૂંચ પડી હોય ત્યારે કૂદાકૂદ કરવાથી તો વધારે ગૂંચ પડે. એ વખતે તો બેસીને શાંતિથી ખોલવાથી જ એ ઉકલે.

એમ આપણાં કર્મને લીધે ગૂંચ પડી જાય તે વખતે શાંતિ અને સમાધાન રાખવાને બદલે ધ્યાન, મૌન અને સ્વાધ્યાય કરવાને બદલે ધાંધલ ધમાલ કરીએ તો એનો ઉકેલ કેમ થાય? બધું ય પ્રતિકૂળ થાય પણ તું અનુકૂળ થઈ શકે.

એક ઋષિની ચામડી ઉતારવા જલ્લાદ આવ્યો તો ઋષિ કહે કે તું કહે તેમ હું ઊભો રહું કે જેથી ચામડી ઉતારતાં તને ક્યાંય વાગે નહિ. આ પ્રતિકૂળને અનુકૂળ.

પ્રતિકૂળતા વખતે દુઃખમાં દુઃખ વડે વધારો કરો, આર્તધ્યાનમાં દિવસ પૂરો કરો એના કરતાં કહો કે આ દિવસ પણ પૂરો થઇ જશે. વાદળ ખસતાં પ્રકાશ પાછો આવવાનો જ છે.

આ વિચાર કોને આવે? જે પરિસંવાદ કરે છે તેને આવે. એ પોતાને જ પૂછે કે શું આ નિમિત્તોમાં એટલી તાકાત છે કે તને દુઃખ આપી શકે? દુઃખ તને કોણ દે છે? નિમિત્તો નહિ, તારા પૂર્વજન્મનું દેવું દે છે.

સાધુને સહુ વંદન કરે પણ રસ્તામાં ગાંડો મળે તો ગાળ દે. ત્યારે સાધુ શું વિચાર કરે? એણે ગાળ કેમ દીધી, તુંકારો કેમ દીધો? એમ નહિ. પણ વિચારે કે આ ગાંડો છે, એને કર્મનો ઉદય છે. મારે એના નિમિત્તે આવું સાંભળવાનો ઉદય છે. તો જીવ, તું સાંભળી લે. એક કર્મ બાંધે છે, બીજો સમતા રાખે છે.

ભગવાન પાર્શ્વનાથને ધરણેન્દ્ર પૂજે છે અને સામાન્ય કમઠ હેરાન કરે છે.

એક ઉપાસના કરે છે, બીજો ઉપહાસ કરે છે. એ બેની વચ્ચે સમતા રાખવી, તુલ્ય મનોવૃત્તિ રાખવી એ જ તો વિચારણાની મઝા છે.

આ સમજણ જેટલી જેટલી જીવનમાં આવતી જાય, તેટલાં તેટલાં જન્મ સુધરતાં જાય. દેવું પૂરું કરીશ તો લેણિયાત નહિ આવે.

જીવે બેસીને શાંતિથી વિચાર કરવાનો છે કે કર્મો બાંધ્યા છે એનું પરિણામ પુણ્ય અને પાપ છે. એમાં મારે સમતુલા રાખવા સદા જાગૃત રહેવું જોઇએ.

વીતરાગ પાસે ચક્રવર્તીને ન હોય એવી રિદ્ધિ સિદ્ધિ હોય છે અને યોગી પાસે ન હોય એવી ત્યાગવૃત્તિ છે. આ બેનું combination વીતરાગમાં જોવા મળે છે.

આજે તમારી શ્રીમંતાઇ તમને દેવ, ગુરુ અને ધર્મની નજીક લાવવાને બદલે આઘા લઈ જાય છે. ખરી શ્રીમંતાઈ કઈ? જેમ જેમ ધન આવે, જેમ જેમ સગવડતા મળે તેમ તેમ દેવ, ગુરુ અને ધર્મની નજીક લઈ જાય.

એ વૈભવ શું કામનો કે જે વૈભવ આપણને આત્માથી દૂર લઈ જાય?

(ક્રમશઃ)

# પુ. ગુરુદેવનો જન્મદિન

શ્રાવણ શુદિ બીજને તા. ૭મીના રોજ પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજની ૪૬મી વર્ષગાંઠ હતી. એ દિવસે વહેલી સવારથી અનેક ભાઈ બહેનો તેઓશ્રીને અભિનંદવા આવી રહ્યાં હતાં. પ્રવચનના સમયે કોટ મંદિરના ટ્રસ્ટીઓ તથા અન્ય પ્રતિષ્ઠિત આગેવાનો તેમનાં સંભાષણ દ્વારા લાગણી અને શુભેચ્છાઓ વ્યક્ત કરવા આવી પહોંચ્યા હતા. પરંતુ પોતાના ગુણગાન પોતાની હાજરીમાં જ થાય તે પુજ્યશ્રીને ગમ્યું નહિ તેથી તેમની ગેરહાજરીમાં જ પ્રવચન સભામાં કેટલાક ભાષણો થયા. એ સમયે પહેલાં તો શ્રી ફતેહચંદ ઝવેરભાઈ જેઓ તેમની ૮૧ વર્ષની ઉંમર સુધી ખૂબ જ સ્વસ્થ હતા, અને ક્યારેય પૂજ્યશ્રીના પ્રવચનોમાં હાજર રહ્યા સિવાય રહેતા નહિ. તેઓ હમણાં ઘણા અસ્વસ્થ હોવાથી આ પ્રસંગે તેમણે એક પત્ર સંદેશ મોકલેલો જે ડીવાઈન નોલેજ સોસાયટીના સહમંત્રી શ્રી સી. ટી. શાહે વાંચી સંભળાવ્યો હતો. "આજથી સોળ વર્ષ પહેલાં પૂ.શ્રીએ ભાવનગર વડવામાં ચાતુર્માસ પરિવર્તન કરેલું ત્યારે ત્યાં ભયંકર આગ લાગતાં, જાતે જીવનું જોખમ ખેડીને અગિઆર જણાને ઉગારી લીધેલાં, અહીં મુંબઈમાં પધાર્યા ત્યારથી જૈન-જૈનતરો, દેશી-પરદેશીઓ વચ્ચે શાસન સેવા અને જીવદયાને લગતાં જે અદ્દભૂત કાર્યો કર્યાં; "ડિવાઈન નોલેજ સોસાયટી—દિવ્ય જ્ઞાન સંઘ"ની સ્થાપના કરી અને આધ્યાત્મિક તથા ચિંતનથી ભરપૂર "દિવ્યદીપ" માસિકનું પ્રકટીકરણ કર્યું; ચાલુ વર્ષમાં બિહાર અને ગુજરાતની સંકટગ્રસ્ત પ્રજાને રાહત અપાવવા મોટી રકમનાં ફંડ કરાવી તેનો સક્રિય અમલ કરાવ્યો, થોડાક વર્ષો પહેલાં મુંબઇના ઈતિહાસમાં પહેલી જ વાર વર્ષનાં આઠ દિવસ કતલખાનાઓ બંધ રહે તે માટે સફળતાપૂર્વકના પ્રયત્નો કર્યા, એ અને એવી અનેક ક્ષેત્રે જે સેવાઓ પૂ. મહારાજશ્રીએ આપી છે તે કદીય વિસરાય તેમ નથી."

એ પછી શ્રી કોટ સંઘના પ્રમુખશ્રી ચુનીલાલ ભાઈએ જણાવ્યું કે પૂ. શ્રી એ મુંબઇમાં પધારીને તો ઘણાંયે સુંદર કાર્યો કર્યાં છે પરંતુ કોટના ઉપાશ્રયે પધારીને તેઓશ્રીએ અમારા સંઘના ઉપાશ્રય

દેવદ્રવ્યના દેવામાંથી મુક્ત કરાવ્યો છે અને એકલાખ નવહજાર અપાવી સાધારણને તરતું કર્યું છે. ઉપરાંત સુંદર પુસ્તકો પ્રગટ કરાવ્યાં, બીજી પણ અનેક પ્રકારની સેવાઓ આપી છે તે કદીયે વિસરાશે નહીં. એ પછી યુવક બંધુ ભાઈશ્રી ચંદ્રકાંત દોશીએ જણાવ્યું કે પુ. ગુરુદેવની જીવન જીવવાની પદ્ધતિ, વ્યાખ્યાનની અપૂર્વ શૈલી, એમનું મોહક વ્યક્તિત્વ એવા છે કે એમની વાણી હૃદય સોંસરી ઉતરી જાય છે ને ચેતનને ભીનું ભીનું કરી નાખે છે. ચીની આક્રમણ વખતે અને ૧૯૬૫ના પાકીસ્તાની આક્રમણ વખતે આપણા જે સૈનિકો દેહાંત થયા અગર ભયંકર રીતે ઘવાઈને અપંગ થયાં તેમનાં કુટુમ્બના ભલા માટે અને એમનાં બાળકોના શિક્ષણ માટે કરેલા સારા ફંડો (જે અનુક્રમે ગવર્નર વિજયાલક્ષ્મી પંડિત અને મહારાષ્ટ્રનાં રાજયપાલ શ્રી ચેરિયનને સોંપેલા) તેને લગતી તથા પરદેશના જિજ્ઞાસુ વિદ્વાનો આવીને પૂજ્ય મહારાજશ્રી પાસેથી આપણા ધર્મ અને દેશની સંસ્કૃતિની કેવી સરસ ભાત લઈને જાય છે તેને લગતી વાતો રજૂ કરી હતી.

ત્યારબાદ છેલ્લે ડીવાઈન નોલેજ સોસાયટીના દાનવીર પ્રમુખશ્રી માણેકલાલ ચુનીલાલે અત્યંત સુંદર પ્રવચન કરી, આગળનાં વકતાઓએ વ્યક્ત કર્યા મુજબ પૂ. શ્રીનાં સુંદર, સ્વાસ્થ્ય સાથેના દીર્ઘઆયુ માટે શુભ મનોકામના વ્યક્ત કરી હતી. ★

## સૌજન્યમૂર્તિ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ શાહે આપેલું મનનીય પ્રવચન

**સજ્જનો અને સન્નારીઓ!**

પરમપૂજ્ય ચિત્રભાનુ મહારાજશ્રીના જન્મદિનના આનંદદાયક પ્રસંગે આપ સૌની સમક્ષ બે શબ્દો બોલતાં મને ઘણો હર્ષ થાય છે. પૂજ્ય મહારાજશ્રી આજે ૪૬માં વર્ષમાં પ્રવેશે છે. આજના મંગલ પ્રસંગે આપણે સૌ શાસનદેવને પ્રાર્થના કરીએ કે તેઓશ્રી દીર્ઘ આયુષ્ય ભોગવે અને સદાસર્વદા તંદુરસ્ત અને આનંદી રહે અને આપણને સૌને ધર્મના જ્ઞાનનું અમૃત પીવડાવતા રહે.

આચાર્યો અને મુનિમહારાજો એ આ યુગના પરમ આત્મસાધકો છે. તેઓજ સકળ જગતની સાચી સંપત્તિ છે. પોતે સંયમના માર્ગે ચાલી સ્વાનુભવના બળે સમાજને ધર્મ અને મોક્ષના માર્ગે સંચરવાની પ્રેરણા આપે છે. આપણા શાસ્ત્રોમાં આવા મહાનુભાવોને પ્રભાવક પુરુષો તરીકે વર્ણવવામાં આવ્યા છે. આવા વિશિષ્ટ પ્રકારની પ્રભાવ વ્યકિતઓમાં આપણે પૂજ્ય મહારાજશ્રીને જરૂર મૂકી શકીએ. તેઓશ્રીમાં એવો અજબ પ્રભાવ ભર્યો છે કે નાસ્તિકજનો પણ તેમની પાસેથી પ્રેરણા મેળવી આસ્તિક અને સંસ્કારી બનીને જ જાય. તેઓશ્રીની દલીલો એવી સચોટ હોય છે અને સાથે સાથે વાણીમાં પણ એવો પ્રભાવ હોય છે કે શ્રોતાઓને સાંભળવામાં અજબ આનંદ મળે છે.

માનવજીવનની મહત્તા શી છે અને આત્માનું શ્રેય કેમ સાધવું તેનો સાચો અને સરળ માર્ગ તેઓશ્રી મધુરવાણીથી આપણને હરહમેશ સંભળાવી રહ્યા છે. ધર્મ અને સંયમથી માનવી સંસારમાં પણ કેમ પ્રકાશમય રીતે જીવન જીવી શકે તે સારૂ પ્રેરણા મેળવવા તેઓશ્રીની વાણીનું શ્રવણ કરવું જરૂર આવશ્યક છે.

છેલ્લા વર્ષોમાં તેઓશ્રીએ જીવદયાનું મહાન કાર્ય આરંભ્યું છે તે બદલ આપણે સૌ તેઓશ્રીના અત્યંત ઋણી છીએ. મુંબઈ જેવા અનેક કોમોથી વસાયેલા અને પચરંગીનું બીરૂદ પામેલા શહેરમાં તેઓશ્રીએ પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વથી ધાર્મિક દિવસોમાં કતલખાના બંધ રાખવાનો ઠરાવ કરાવી મહાન પુરુષાર્થ કર્યો છે તે માટે આપણે તેઓશ્રીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. મુંબઈને પગલે અન્ય શહેરોમાં પણ કતલખાના બંધ રાખવાના ઠરાવો થયા તેનો બધો જ યશ અલબત્ત તેઓશ્રીને ફાળે જાય છે.

તાજેતરમાં બિહારના દુષ્કાળ પીડિતોને ભોજન આપવાનો પ્રબંધ કરવાનું પુણ્યકાર્ય પણ તેઓએ અથાગ મહેનત લઈને ઉપાડી લીધું છે અને આજે હજારો ભૂખ્યાઓને ભોજન મળે છે. ગુજરાતમાં બોડેલી અને ધરમપુર વગેરે સ્થળોએ આવાં કાર્યો થઇ રહ્યા છે તે પણ તેઓશ્રીની પ્રેરણાને આભારી છે.

આજના યુવક વર્ગને તેમજ જૈનેતરોને પણ જીવનનું મહત્વ સમજાવીને તેઓશ્રીએ સાચો રાહ બતાવ્યો છે અને ધર્મ પળાવ્યો છે, તેઓશ્રીની ધર્મનું

રહસ્ય સમજાવવાની શૈલી એવી અજબ છે કે ધર્મને નહીં માનનારના હૃદયમાં પણ તેઓશ્રીના વચનો હૃદય સોંસરવા ઉતરી જાય.

દિવ્યજ્ઞાન સંઘની સ્થાપના પણ તેઓશ્રીની પ્રેરણાને આભારી છે. સંઘ દ્વારા પ્રસિદ્ધ થતી પત્રિકા અને પુસ્તકો આપણને સાચી પ્રેરણા આપે છે. આ બદ્દલ પણ તેઓ ધન્યવાદને પાત્ર છે.

આજના તેઓશ્રીના જન્મદિનના શુભ પ્રસંગે ફરીથી આપ સૌની અને મારી વતી શાસનદેવને હું પ્રાર્થના કરું છું કે પરમપૂજ્ય ચિત્રભાનુ મહારાજ તંદુરસ્ત રહી ઘણું ઘણું લાંબુ આયુષ્ય ભોગવે અને સ્થળે સ્થળે જીવ દયાના અને મોક્ષ પમાડનારા અનેક સત્કાર્યો તેઓશ્રીના હસ્તે થતા રહે. ★

**સૌનાં સંભાષણો પૂરાં થયાં ત્યારપછી પૂ. ગુરુદેવશ્રી વ્યાસપીઠ પર પધાર્યા અને સૌના અભિનંદનોનો ટૂંકો ઉત્તર આપતાં એમણે કહ્યું:**

આપણે બધા યાત્રી છીએ, અનાદિકાળથી આપણો પ્રવાસ ચાલુ છે. આત્માનું દર્શન કરવું એ આપણી જાત્રાના પ્રવાસનું લક્ષ્ય છે.

આપણે આ જગતમાં માત્ર પ્રશંસા માટે, સ્તુતિઓ સાંભળવા માટે નથી આવ્યા. આપણે જે કાંઈ કામ કરીએ છીએ એ આત્મતૃપ્તિ માટે કરીએ છીએ આપણાં કામને કોઈ જાણે નહિ, અત્તરની જેમ અંદર અંદર સાચવી રાખીએ તો કેવી મજા આવે!

લોકો ભલે કામનાં વખાણ કરે પણ કામ કરનાર વખાણમાં ન પડી જાય. આ જીવનયાત્રાનો એ ઉદ્દેશ હો કે જ્યાં સુધી આપણો જીવ વાસનામાંથી મુક્તિ ન પામે ત્યાં સુધી શુભ કામમાં આપણું મન, તન અને ધન લાગી જ રહે.

હું તો એટલું જ ઈચ્છું કે Reverence towards one's own life તમે જિંદગી પ્રત્યે આદર કેળવો. ભલે હું થોડું જીવું કે ઘણું જીવું પણ એવું જીવું કે દરેક વર્ષમાં મને મારી જિંદગી પ્રત્યે આદર જાગવો જોઇએ. આપણને ભગવાન તરફ આદર જાગે, ગુરુ પ્રત્યે આદર જાગે પણ જે આદર જગાવી રહ્યો છે. એને પોતાને જ પોતાના પ્રત્યે જો આદર ન હોય તો બીજાના પ્રત્યેનો આદર ખાલી છે.

તો આપણે એવું જીવન ન જીવીએ જેથી આપણને આપણા પ્રત્યે આદર જાગે! આપણા વિચારોની સૃષ્ટિ સુંદર હોય અને જીવન કર્તવ્યથી સભર હોય તો આપણને આપણા પ્રત્યે આદર જાગ્યા વિના રહે?

જન્મદિન જેવી રીતે ઉત્સાહનું કારણ બની જાય એવી રીતે કોઈકવાર અંદર અવલોકનનું કારણ પણ બની જાય છે. શું વર્ષ સરી ગયું? જો વર્ષ સરી ગયું તો બહુ નુકસાન છે. પણ જો વર્ષને ગાંઠે બાંધી દીધું હોય તો ફાયદામાં છો. નાનામાં નાનો માણસ પણ પોતાની દુનિયામાં કોઇકને મદદગાર બની પોતાના વર્ષને ગાંઠે બાંધી શકે છે.

ઘણીવાર આપણે જગતમાં મદદ માટે બધાંયની તરફ નજર નાંખીએ છીએ પણ પોતાના તરફ નજર નથી નાંખતા. જયાં સુધી અંદર નજર ન પ્રગટે, અંદર નજર ન જાય ત્યાં સુધી મદદ કદી પણ મળતી નથી.

કોઈ પણ કાર્ય થાય તેમાં દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ ભાગ ભજવે છે. મારી કાર્યસિદ્ધિઓમાં આ ક્ષેત્રનો પ્રભાવ અપૂર્વ છે. દ્રવ્ય એટલે જે કરવાનું, ક્ષેત્ર એટલે જયાં કરવામાં આવે, કાળ એટલે જે સમયમાં કામ થાય, અને ભાવ એટલે જે વ્યક્તિ કામનો પ્રારંભ કરે છે એના આત્માનો ઉલ્લાસ. આ ચાર વસ્તુઓ ભેગી થાગ છે ત્યારે કામ થાય છે.

આવું ચારનું સમન્વયવાળું વાતાવરણ થાય ત્યારે આવાં મહાન કાર્યો થાય છે.

જેમ ઝાડને પાંગરવા માટે પાણીની જરૂર છે તેમ માણસને પુષ્પિત, પલ્લવિત અને વિકસિત રાખવા માટે શુભેચ્છાના સિંચનની જરૂર છે. એ શુભેચ્છાનાં સિંચન જેટલાં રેડાતાં જાય એમ જીવન પાંગરતું જાય છે.

જીવન ટૂંકું હોય કે લાંબુ હોય—ગમે એટલું હોય પણ એ લોકોની શુભ ભાવનાઓથી પલ્લવિત હોય અને આપણા શુભ સંકલ્પોથી સુંદર હોય.

મારા જીવનયાત્રાના પ્રવાસમાં તમારી ભાવનાઓ એ મારું ભાથું છે, તમારી શુભેચ્છાઓ એ મારી મૂડી છે. ★

# ❋ સમાચાર સાર ❋

★ કોટ શ્રી શાંતિનાથજીના ઉપાશ્રયે પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની નિશ્રામાં નાની મોટી કલ્યાણકારી વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં સંપ અને સંગઠન દ્વારા સમાજના શ્રેયનો વિચાર પ્રધાન છે.

તા. ૩૦–૭–૬૭ના રોજ બપોરના બે વાગે 'અણુવ્રત હૉલમાં' 'Morality in Democracy' 'લોકશાહીમાં નૈતિકતા' અંગે એક પરિસંવાદ ગોઠવવામાં આવેલો, એમાં પૂં. ગુરુદેવશ્રી, મુનિશ્રી વિજયમુનિજી, મુનિશ્રી રાકેશજી, સાક્ષર શ્રી જૈનેન્દ્રકુમાર, શ્રી ચીમનલાલ સી. શાહ તથા સર્વોદય નેતા શ્રી શંકરરાવ દેવે પોતપોતાના વિચારો દર્શાવેલા.

પૂ. ગુરુદેવે એ સમયે પાંચ આંગળીઓનો દાખલો આપતાં જણાવેલું કે દરેક આંગળીનું અમુક સ્થાન અને વ્યક્તિત્વ છે. અમુક પ્રસંગે એકનું મહત્વ હોય તો બીજા પ્રસંગે બીજાનું હોય. પ્રત્યેક આંગળી પોતાની ફરજ અદા કરે છે. તિલક વખતે અંગૂઠો આગેવાન બને તો ચૂપ કરવા તર્જની ઊભી થાય અને વીંટી પહેરવી હોય તો વળી અનામિકા તૈયાર થાય. તેમ છતાં ય જયારે ખાવું હોય ત્યારે બધી જ આંગળીઓ એક સાથે થઈ જાય છે, ભેગી થઇને સમૂહમાં કાર્ય કરતી થઇ જાય છે. તે વખતે નાની મોટી એ બધું ભૂલાઈ જાય છે. એવી જ રીતે સમાજની દરેકે દરેક વ્યક્તિએ, પછી તે ગમે તે ક્ષેત્રમાં હોય પણ તેને પોતાની ફરજ અદા કરવાની છે. જયારે બધી વ્યક્તિઓ આમ ભેગી થઈને એક બની જાય છે ત્યારે જ સમૂહ બળથી એ સુંદર અને સફળ કાર્યો કરી શકે છે.

★ સર્વોદય નેતા શ્રી જયપ્રકાશજી તા. ૫ જુલાઇએ પૂ. શ્રીને મળવા પધારેલા ત્યારે હમણાં સર્વત્ર પાશ્ચાત્ય હવા ફેલાતી જાય છે . અને આર્યસંસ્કૃતિ નષ્ટ થતી જાય છે તેને ફરી કેમ સજીવન કરવી તે અંગે ચર્ચા કરતાં જે વિચારો વ્યકત કરેલા તેના અનુસંધાનમાં શ્રી જયપ્રકાશજીએ સુપ્રસિદ્ધ આગેવાન નેતા શ્રી શ્રી શંકરરાવ દેવ સાથે વાત કરી હતી. શ્રી દેવ મુંબઈ આવ્યા હોવાથી વધુ ચર્ચા વિચારણા કરવા પૂ. શ્રીના દર્શનાર્થે તા. ૩૧–૭–૬૭ના રોજ કોટના ઉપાશ્રયે પધારેલા. પૂ. ગુરુદેવે તેમના વિચારો માર્ગદર્શન રૂપે રજુ કરીને તેને સક્રિય સ્વરૂપ આપવા ટૂંકમાં નીચે મુજબ સૂચન કરેલું.

દેશભરમાં આર્યસંસ્કૃતિની જયોત પ્રજવલિત કરવા અને પ્રજામાં જાગૃતિ લાવવા માટે મોટાં મોટાં શહેરોમાં વિશાળ પ્રવૃત્તિ mass movement કરવી એ માટે મોટી મોટી seminar ભરવી.

આ seminar વખતે જે જે વ્યકિતઓનો masses પર જાહેર પ્રજા પર control કાબૂ હોય એવી આગેવાન વ્યક્તિઓને ભાગ લેવા આમંત્રણ આપવું. આ હેતુ માટે બિનપક્ષીય ધોરણે સામાજિક રાજકીય અને ધર્મક્ષેત્રે એમ દરેક ક્ષેત્રે દરેક પક્ષના કાર્યકરોનો સાથ લેવો. પૂ. શ્રીએ નીતિના પ્રશ્નને ખૂબ જ મહત્વનો ગણીને, આર્યસંસ્કૃતિના વિકાસમાં માનનારા વિશાળ દૃષ્ટિબિંદુ ધરાવનારા હરકોઈના સાથ અને સહકારને મહત્વનો ગણ્યો હતો.

કારણકે આજે દેશની ગરીબી, રાજદ્વારી વાતાવરણની અશાંતિ અને આપણી સંસ્કૃતિનો જે પ્રકારે અનાદર થઇ રહ્યો છે તેની સુધારણા કરવા હરેક ક્ષેત્રે કાબૂ ધરાવનાર આગેવાનો કે નેતાઓનો સાથ જરૂરી બની રહે છે. દેશમાં જાગૃતિ લાવવા માટે હવે Collective Leadership ની, સામૂહિક આગેવાનોની દોરવણીની જરુર છે, એવા પૂ. શ્રીના મંતવ્ય સાથે શ્રી શંકરરાવ દેવ સંમત થયા હતા. અને હવે એ દિશામાં અન્ય આગેવાનો સાથે વધુ ચર્ચા કે પત્ર-વ્યવહાર કરી પૂ. ગુરુદેવને થયેલી પ્રગતિ વિષે વાકેફ કરશે.

★ ગયા માર્ચ મહિનામાં મુંબઈની પ્રખ્યાત જે. બી. પીટીટ ગર્લ્સ હાઈસ્કૂલ તરફથી પૂ. શ્રીને પ્રવચન આપવા માટે આમંત્રણ આપવામાં આવેલું. ત્યારબાદ એ સમયે આપવામાં આવેલ પ્રવચનથી પ્રભાવિત થઇને ભીખાજી એસ. બંગાલી ગર્લ્સ હાઈસ્કૂલના કાર્યકર્તાઓએ પણ વિનંતિ કરી હતી. એટલે તા. ૨–૮–૬૭ના રોજ સવારે ૧૧ થી ૧૨ સુધી એ શાળાની ૮-૯-૧૦ના વર્ગમાં અભ્યાસ કરતી બાળાઓ સમક્ષ પ્રવચન આપ્યું. પ્રવચન સમયે તેઓશ્રીની "મૈત્રીભાવ" ઉપરની નિત્ય પ્રાર્થનાથી શરૂઆત કરી, એની જ ઉપર મન, વચન અને કાયાનો સંવાદ કેમ કરવો તથા જીવનમાં મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થભાવો દ્વારા કેમ સમન્વય કરવો તે સુંદર રીતે સમજાવ્યું હતું. પ્રવચનના અંતે જેવી રીતે જે. બી. પીટીટની વિદ્યાર્થિનીઓએ પોતાને વાપરવા મળતા પૈસામાંથી બચાવીને પૂ. શ્રીને પ્રિય એવી માનવ રાહત પ્રવૃત્તિ માટે રૂપિયા આપ્યા હતા તેવીજ રીતે આ બાળાઓએ રૂા. ૨૫૦)ની ભેટ ધરી હતી. જે ડીવાઈન નૉલેજ સોસાયટી મારફત ચાલતા માનવ રાહત કેન્દ્રો ઉપર ખરે સમયે સહાય માટે પહોંચાડી દેવામાં આવે છે.

## પૂ. તપસ્વી મુનિશ્રી બળભદ્રસાગરજી



કોટના શ્રી શાંતિનાથજી મંદિરના ઉપાશ્રયે બિરાજતા પ્રસિદ્ધ વકતા અને મહાન તત્વચિંતક પૂ. મુનિવર્ય શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીના સાંનિધ્યમાં રહેલા તપસ્વી પૂ. મુનિવર્યશ્રી બળભદ્રસાગરજી મહારાજે ગત વર્ષે અઠ્ઠાઇ કરેલી અને તે સારી રીતે પૂર્ણ થતાં બીજા વર્ષે માસક્ષમણ કરવું તેવી ભાવના સેવેલી.

આખરે એ બીજું વર્ષ આવી ગયું ને આ વર્ષનું ચાતુર્માસ શરૂ થતા, અષાઢ શુદિ બીજના રોજથી મહામંગળકારી માસક્ષમણની તપશ્ચર્યાની હિંમત-પૂર્વક શરૂઆત કરી ! એ માસક્ષમણના સમય દરમિયાન તેઓશ્રીની શરીરની સુખાકારી અને આધ્યાત્મિક શાંતિ અપૂર્વ હતાં. ૩૦ મા ઉપવાસના છેલ્લા દિવસ સુધી પ્રવચનમાં બેસતા અને હર-હંમેશની ધાર્મિક ક્રિયાઓ અચૂક કરતા.

નિર્વિઘ્ને તેમણે ૩૦ દિવસનાં ઉપવાસો પૂરા કર્યા અને શ્રાવણ શુદિ બીજના રોજ સેંકડો સ્ત્રી, પુરુષો અને બાળકોએ ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે ગુરુપૂજન કર્યું. તે સમયે આપણા સમાજના પ્રતિષ્ઠિત ગ્રહસ્થો પણ ઉપસ્થિત થયેલા જેમાં દાનવીર શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ પણ ઉપસ્થિત હતા.

આ માસક્ષમણ નિમિત્તે પૂ. મહારાજશ્રીનાં સંસારીપણના લઘુબંધુ શ્રી રાયચંદ બાલુભાઇ તરફથી કોટનાં દહેરાસરમાં અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ અપૂર્વ ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે ઉજવાયેલો. શ્રાવણ શુદ ત્રીજના રોજ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલું જે પ્રસંગે મુંબઈમાં બિરાજમાન સંખ્યાબંધ સાધુ સાધ્વીજી મહારાજો તથા શહેરના અને દૂરદૂરનાં પરાનાં ભાઈ બહેનોએ પણ લાભ લીધો હતો. પૂ. મહારાજશ્રીનો શુભ સંકલ્પ પૂ. ગુરુના પ્રતાપે નિર્વિઘ્ને પરિપૂર્ણ થતાં, તેઓશ્રીના મુખ પર પૂર્ણાનન્દનો અનુભવ થતો હતો. ★

### : જરૂર વસાવો :

પ્રવચનો અને પ્રસંગો, કથાઓ અને કવિતાઓ, મંથન અને મનનથી સભર દિવ્યદીપના બીજા વર્ષના ૨૪ અંકોની પાકા પૂઠામાં બાંધેલી દળદાર ફાઇલ માત્ર પાંચ રૂપિયામાં ઘર બેઠાં વસાવો.

તેવી જ રીતે દિવ્યદીપના ત્રીજા વર્ષના ૧૨ અંકોની મજબૂત બાઈન્ડીંગમાં ચાર રૂપિયામાં મળશે.

બન્ને ફાઇલ સાથે વસાવનારને આઠ રૂપિયામાં આપવામાં આવશે.

–તંત્રી

શ્રમ વચ્ચે **સુખદ વિશ્રામ** શ્રી માતાજી

એક મોટા ખેતરમાં આવેલા એક જૂના મકાનના મોટા ખંડમાં એક ઘણાં વર્ષોનું દાદાજીનું ઘડિયાળ હતું. એ દોઢસો કરતાં પણ વધુ વરસોથી સતત ચાલતું રહ્યું હતું. એકવાર પણ અટકયા વિના એ પોતાનો ટિક ટિક અવાજ સંભળાવતું રહ્યું હતું. એ ખેડૂત રોજ સવારે મેડા પરથી નીચે ઊતરતો અને સૌથી પહેલાં એ ઘડિયાળ પાસે જતો અને બરાબર ચાલે છે કે નહિ તેની ખાત્રી કરી લેતો. એક સવારે એ એના રોજના ક્રમ પ્રમાણે ઘડિયાળને જોવા તે ઓરડામાં દાખલ થયો ત્યારે ઘડિયાળ તેને કહેવા લાગ્યું: 'સાહેબ, મને અહીં દોઢસો કરતાં પણ વધુ વરસ થયાં અને એ બધો વખત મેં જરાપણ અટકયા વિના, લેશ પણ ચૂક વિના, સમય બતાવવાનું મારું કામ કર્યું છે. પણ હવે મને થાક લાગવા માંડ્યો છે. મને થાય છે કે હવે હું આરામ કરું અને મારું ટિકટિક બંધ કરું, આપની રજા હોય તો.'

—અને એ બુદ્ધિશાળી ખેડૂતે તેને જવાબ આપ્યો: ભાઇ, તારી આ વાત કંઈ બરાબર નથી. તું એ વાત કેમ ભૂલી જાય છે કે, તારી દરેક ટિકટિકની વચ્ચે તને આરામ કરવા માટે એક એક સેકન્ડ તો મળી જ રહે છે.

ઘડિયાળે એ વાત પર ઘડીભર વિચાર કરી જોયો. અને પછી જાણે કંઈ થયું ન હોય તેમ પાછું પોતાનું કામ કરવા લાગી ગયું.

આપણા માટે આ વાર્તા શું સૂચવે છે? એ એમ સૂચવે છે કે તમે જો વ્યવસ્થિતપણે કામ કરો તો એમાં કામ અને આરામનાં તત્ત્વો એકબીજાની સાથે સમતોલ બની જાય છે. અને તમે જો નિયમિત રીતે કામ કરો તો તમારે માટે ઘણી ઉપાધિ ને મહેનત બચી જાય છે. ★

Tele. Phone 3 2 8 0 6 9 GRAMS :

*With best compliments from :*

**SURYAKANT SHAH & CO.**

ART SILK & COTTON MERCHANTS

&

COMMISSION AGENTS.

41/45, Nakhoda Street,
1st floor, Tambakanta,
BOMBAY - 3

## ખુદાનો બંદો

આ સત્યકથા છે. એનું નામ હાજી કાસમ. ખુદાનો એ ખરો બંદો હતો. લગાતાર ચાલીસ વર્ષ તેણે કલકત્તામાં હાથરિક્ષા ચલાવવાનું કામ કર્યું. આ વિશાળ હૃદયના હાજી કાસમ દર શુક્રવારે ખેરાત કરતા. પણ એમનો ખેરાત કરવાનો નુસખો નોખી પ્રકારનો હતો. દર શુક્રવારે ગરીબ માણસો પાસેથી એક પાઈનું પણ ભાડું લીધા વગર તેઓ તેમને પોતાની રિક્ષામાં ઘેર પહોંચાડી દેતા. આ કામ માટે તેઓ દરેક શુક્રવારે કલકત્તાની અનેક મ્યુનિસિપલ અને સરકારી હોસ્પિટલો પાસે પહોંચી જતા. તે દિવસે જેમને હોસ્પિટલમાંથી ઘેર જવાની રજા મળી હોય તેમાંથી વધુમાં વધુ ગરીબ હોય તેવા દર્દીને તેઓ રિક્ષાભાડું લીધા વગર ઘેર પહોંચાડી આવતા.

તેમની આ અનોખા પ્રકારની સેવાની જાણ બધી હોસ્પિટલોમાંના સત્તાવાળાઓને પણ થઈ ગયેલી એટલે હોસ્પિટલની નર્સો જ, તેમને તકલીફ ન પડે અને ખોટી પૂછપરછમાં તેમનો સમય ન બગડે તે માટે, સહાય યોગ્ય હોય તેવા દર્દીઓનાં નામ સૂચવી દેતી. હાજી કાસમ આવા દર્દીઓને આનંદવિભોર થઇ તેમને ઘેર પહોંચાડી આવતા અને આશીર્વાદ આપતા અને પામતા. ચાલીસ ચાલીસ વર્ષ તેમણે આ ભલાઈનું કામ ટાઢ, તડકો કે વરસાદની દરકાર કર્યા વગર અવિરતપણે કર્યું. એકપણ શુક્રવારે તેમનું આ સદ્કાર્ય બંધ રહ્યું ન હતું.

ત્રણેક વર્ષ પહેલાં શુક્રવારના જ દિવસે જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે તેમની જ રિક્ષામાં નીકળેલી હાજી કાસમની સ્મશાનયાત્રામાં હજારો હિન્દુ મુસ્લિમ, શીખ અને ઈસાઇઓએ ભાગ લઈ માનવ હૃદયના આ ગરીબ સમ્રાટને અસંખ્ય પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

—ભ. જા. વોરા

## દેહપ્રધાન શિક્ષણનાં પરિણામ

લોકોને આજકાલ હિંસા પર ભારે શ્રદ્ધા બેઠી લાગે છે. એમને થાય છે કે હિંસાથી બધા પ્રશ્નો ઉકલે છે. પણ આ ભ્રમ છે. ઘરમાં મા-બાપ પણ છોકરાંને તમાચો લગાવી દે છે. એટલે એનો અર્થ એ થયો કે એમને પ્રેમ અને સમજાવટની તેમની શક્તિ ઉપર એટલો વિશ્વાસ નથી જેટલો તમાચા ઉપર છે. શાળામાં પણ એમ જ બને છે. છોકરો મોડો આવે તો તેને નિયમિતતાનો પાઠ ભણાવવા માટે "ચૌદમું રતન" માસ્તર બતાવે છે. પછી છોકરો નિયમિત આવવા માંડે એટલે માસ્તર કહેશે કે જુઓ છોકરો કેવો સીધો થઈ ગયો! સોટી પડી એટલે સદ્‌ગુણની પ્રેરણા થઈ ગઈ. એટલે સદ્‌ગુણની પ્રેરણા માટે સોટીનો સ્પર્શ, દંડો કેટલો લાભદાયી છે એમ કહે છે!

પણ એ તો વ્યાજ માટે મૂળ મૂડી ખોવા જેવું થયું. સોટી પડવાથી છોકરો નિયમિત આવતા તો શીખ્યો. પણ ભેગો બીતાં પણ શીખ્યો. કોઈ મારે તો એનાથી દબાઇ જવાનો એને પાઠ મળ્યો. આમ નિર્ભયતા ગઈ અને નિયમિતતા આવી. હવે તમે જ કહો કે નિર્ભયતાની કિંમત વધારે કે નિયમિતતાની? આ તો ચણા લઈને કલ્લી કાઢી આપવા જેવું થયું? એથી શો ફાયદો? છોકરો ચાર દહાડા નિશાળે ગયો. પણ વાત વિસારે પડી એટલે પાછો હતો તેનો તે! આમ નિયમિતતા તો ગઈ જ ગઈ, પણ ભયભીતતા ઘર ઘાલી ગઈ. આવું જોખમકારક છે! બીકનો માર્યો તો છોકરો આજે મા-બાપ કે શિક્ષકને વશ બને છે. પણ કાલ ઊઠીને કોઈ ગુંડાને વશ બનશે. આવું શિક્ષણ બાળકને દેહપ્રધાન બનાવે છે. આમાં તો દેહ ઉપર દમન થાય તો તરત જ સામાને શરણે થવું એવું શિક્ષણ મળે છે. આવી તાલીમથી આખા નાગરિક શાસ્ત્રનો અંત આવી જાય છે.

—વિનોબા

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.